### રાજ્યની કોવિડ-૧૯ હોસ્પિટલોમાં દાખલ દર્દીઓની વિશેષ કાળજી માટે શરૂ કરાયેલો

# ‘ટેલી મેન્ટરિંગ પ્રોગ્રામ’ હાઈ રિસ્ક દર્દીઓ માટે આશીર્વાદરૂપ

ગાંધીનગર,તા. ૧

રાજયભરમાં કાર્યરત કોવિડ હોસ્પિટલોમાં સેવારત તબીબોને વર્ચ્યુઅલ બેઠકના માધ્યમથી રાજયના એક્ષપર્ટ તબીબો દ્વારા કોવિડ-૧૯ના ક્રિટિકલ દર્દીઓને સાજા કરવા લાઈવ માર્ગદર્શન આપવાના હેતુસર એક વિશેષ પ્રોજેકટ ચાલી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલો આ ‘ટેલી મેન્ટરિંગ પ્રોગ્રામ‘ હાઈ રિસ્ક તથા વેન્ટિલેટર કેર દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.

WHO એ વર્ષ ૨૦૧૯-૨૦ના કોરોના વાયરસ ફાટી નીકળવાની ઘટનાને આંતરરાષ્ટ્રીય કક્ષાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. ગુજરાતમાં ૧૯ માર્ચ ૨૦૨૦ના રોજ આ રોગના બે દર્દીઓ સૌપ્રથમ સુરત અને રાજકોટમાં મળી આવ્યાં હતાં. આ રોગનું સંક્રમણ વધીને રાજ્યમાં અત્યારે ૪૪૦૦ સુધી પહોંચ્યું છે જે તંત્રની આગોતરી તકેદારીના કારણે જ નિયંત્રણમાં છે તે કહેવું સહેજ પણ અતિશયોક્તિ ભર્યું નથી. મુખ્યમંત્રીવિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના સતત માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આ રોગને નિયંત્રિત

- ‘ટેલી મેન્ટરીંગ પ્રોગ્રામ‘ શરુ કરવાનો આરોગ્ય વિભાગનો નિર્ણય વેન્ટિલેટર કેર દર્દીઓ માટે નવી લાઈફલાઈન સમાન સાબિત થયો
- મૃત્યુનું જોખમ જેને સૌથી વધુ છે એવા કોરોના પોઝિટિવ ૨૪ બાળકો, ૩ સગર્ભા અને ૬૮ વૃદ્ધ દર્દીઓને સાજા કરવામાં મળી સફળતા
- આ વર્ચ્યુઅલ બેઠકના માધ્યમથી રાજ્યના એક્ષપર્ટ તબીબો દ્વારા રોજેરોજ કોવિડ-૧૯ના ક્રિટિકલ દર્દીઓનું મૂલ્યાંકન કરી હોસ્પિટલના તબીબોને લાઈવ માર્ગદર્શન અપાઈ રહ્યું છે
- આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવી દ્વારા કરાતું સતત મોનિટરિંગ

કરવા તથા કાબૂમાં લાવવા માટે એકશન પ્લાન બનાવીને અનેકવિધ પગલાંઓ લેવાઈ રહ્યા છે. તે પૈકીનું જ એક અત્યંત મહત્વપૂર્ણ પગલું છે ‘ટેલી મેંટરીંગ પ્રોગ્રામ‘.

બેક ઓફિસ ચાલી રહેલા આ ‘ટેલી મેંટરીંગ પ્રોગ્રામ‘ દ્વારા અત્યાર સુધીમાં મૃત્યુનું જોખમ જેને સૌથી વધુ છે એવા કોરોના સંક્રમિત કોવિડ ૧૯ પોઝિટિવ ૨૪ બાળકો, ૩ સગર્ભા અને ૬૮ વૃદ્ધ દર્દીઓને સાજા કરવામાં આરોગ્ય વિભાગને વિશેષ સફળતા મળી છે.

રાજ્યમાં કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલોમાં દાખલ દર્દીઓની સારવાર માટે નિષ્ણાંત તબીબોની ટીમ દિન-રાત ખડેપગે રહે છે. દરેક પોઝિટિવ દર્દીઓની વિશેષ કાળજી રાખી રહ્યા છે ત્યારે તે દર્દીઓ પૈકીના કેટલાક કોમોર્બીડ અને હાઈ રિસ્ક કેટેગરીમાં આવતા દર્દીઓ પોતાની અન્ય જટિલ બીમારીઓને કારણે ક્રિટિકલ સ્ટેજ પર આવી જતા હોય છે. આવા સંજોગોમાં આ દર્દીઓને કેવી રીતે બચાવવા તે તબીબો માટે પણ ક્યારેક મૂંઝવણભરી સ્થિતિ હોય છે. તબીબોની આ મુંઝવણ દૂર કરવા માટે રાજ્યના એક્ષપર્ટ તબીબોની ટીમ દ્વારા આ હોસ્પિટલમાં કાર્યરત તબીબોને ઓનલાઈન માર્ગદર્શન આપવામાં આવે છે. ચેપી રોગ નિષ્ણાંત ડો. અતુલ પટેલ, વેન્ટીલેટર કેરના નિષ્ણાંત ડો. પાર્થીવ મહેતા, ડો. આર. કે. પટેલ, ડો. બીપીન અમીન સહિતના અનુભવી તજજ્ઞ તબીબો દ્વારા દર્દીની સ્થિતિ વિશે જાણીને આવા ક્રિટિકલ દર્દીઓનું મૂલ્યાંકન કરી Webex Cisko માધ્યમથી વર્ચ્યુઅલ બેઠક યોજીને કોવીડ હોસ્પિટલોના તબીબોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ જ કારણોસર ‘ટેલી મેન્ટરીંગ પ્રોગ્રામ‘ શરુ કરવાનો આરોગ્ય વિભાગનો નિર્ણય વેન્ટિલેટરકેર દર્દીઓ માટે નવી લાઈફલાઈન સમાન સાબિત થયો છે. આ પ્રોગ્રામ થકી અનેક ક્રિટીકલ દર્દીઓને સાજા કરવામાં સફળતા મળી છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવી દ્વારા તેનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.



રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૧૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે અને સાજા થઈને ઘરે ગયા છે, તે પૈકી ૨૪ બાળકો, ૩ સગર્ભા અને ૬૮ વૃદ્ધ દર્દીઓ મળી ૯૫ હાઈ રિસ્ક કેટેગરીમાં આવતા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સફળતા પાછળ કોવિડ-૧૯ હોસ્પિટલોમાં કાર્યરત કોરોના વોરિયર્સ નિષ્ણાંત તબીબો અને હોસ્પિટલ સ્ટાફની જીવના જોખમે કરવામાં આવતી મહેનત તો બિરદાવવા લાયક છે જ, પરંતુ તેની સાથોસાથ બેક ઓફિસ નિસ્વાર્થભાવે કામ કરતી આ ‘ટેલી મેંટરીંગ પ્રોગ્રામ’ ની એક્ષપર્ટ તબીબોની ટીમની પણ એટલી જ મહેનત છે.

સાજા થઈને કોવીડ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયેલા ૭ વર્ષથી નાની વયના ૨૪ દર્દીઓમાં અમદાવાદના ૧૬, બનાસકાંઠા અને ભાવનગરના ૨-૨, છોટાઉદેપુર અને ગાંધીનગરના ૧-૧ તથા સુરતના ૨ બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે ડિસ્ચાર્જ થયેલા ૬૦ વર્ષથી વધુ વયના વૃદ્ધ ૬૮ દર્દીઓમાં અમદાવાદના ૩૪, ભાવનગર અને પાટણના ૨-૨, ગાંધીનગર અને મહીસાગરના ૩-૩, સુરતના ૭, આણંદના ૪, વડોદરાના ૮ અને છોટાઉદેપુર, કચ્છ, ગીર સોમનાથ, નર્મદા તથા રાજકોટના ૧-૧ દર્દીઓનો સમાવેશ થાય છે.

## આઈઆઈટીઈ દ્વારા આંતરરાષ્ટ્રીય ગણિત વેબિનારનું આયોજન

ગાંધીનગર,તા. ૧

કોરોના વાઈરસના ફેલાવા રોકવા માટે થયેલા લોકડાઉનના સમયેનો ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) દ્વારા ખૂબ જ અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ટેકનોલોજીના ઉપયોગથી સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવાની સાથે સાથે આઈઆઈટીઈ દ્વારા જ્ઞાન સંવર્ધનની પ્રવૃત્તિઓનું શ્રેણીબદ્ધ આયોજન થઈ રહ્યું છે.

- આગામી ૨ થી ૩ મેના રોજ યોજાનારા બે દિવસના વેબિનારમાં ‘મેથેમિટકલ મોડલિંગ એન્ડ મલ્ટીડિસિપ્લિનારી મેથેમેટિક્સ’ વિષય પર ટોક્યો જાપાનની વાસેડા યુનિવર્સિટીના પ્રો. જૂન્ઝો વટાડા પોતાના સંશોધન વિશે રજૂઆત કરશે.

ટીચર યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓ દ્વારા યોજાઈ રહેલા વેબિનારની શ્રેણીમાં આગામી બીજી અને ત્રીજી મે દરમિયાન ‘મેથેમિટકલ મોડલિંગ એન્ડ મલ્ટીડિસિપ્લિનરી મેથેમેટિક્સ’ વિષય બે દિવસનો આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજાશે. આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ વેબિનારમાં જાપાનના ટોક્યોમાં આવેલી વાસેલા યુનિ.ના પ્રોફેસર એમેરિટસ પ્રો. જુન્ઝો વટાડા ગણિતના ફઝી રિગ્રેસન મોડેલનો ઉપયોગ માનવકેન્દ્રી ડેટાની છણાવટ માટે કેવી રીતે કરી શકાય તે વિશે વકતવ્ય આપશે.

આ વેબિનારમાં ગુજરાત યુનિ.નાં પ્રો. નિતા શાહ પ્રવર્તમાન કોવિડ-૧૯ મહામારીના ફેલાવા સંદર્ભે ત્રણ દેશોના તુલનાત્મક અભ્યાસ વિશે વકતવ્ય આપશે. જયારે નવી દિલ્હી ખાતેથી સાઉથ એશિયા યુનિ.ના ડૉ. જગદિશન ચંદ્ર બંસલ, બેંગલુરુના રોલ્ય-રોયલ ઓર્ગેનાઈઝેશનના ડેટા સાયન્સિસ્ટ ડૉ. રજનિશ મલિક તથા પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિ.ના પ્રો. મનોજ સાહની તેમની શોધ રુચિના વિષયો પર વકતવ્ય આપશે.

આ વેબિનારમાં ભાગ લેવા માટે આઈઆઈટીઈના ફેસબુક પેજ પર મૂકવામાં આવેલી રજિસ્ટ્રેશન લિંક દ્વારા નોંધણી કરાવી શકાશે.

## શહેરની સરકારી કચેરીઓમાં નાયબ કાર્યપાલક ઈજનેરોની નિમણૂંક

ગાંધીનગર,તા. ૧

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ પરીક્ષા ગુજરાત ઈજનેરી સેવા વર્ગ -૨ માં પસંદગી પામેલા ઉમેદવારો ની નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) તરીકે જિલ્લામાં નિમણૂક કરવામાં આવી છે. જે સંદર્ભે કુલ ૧૨૧ નાયબ કાર્યપાલક ઈજનેર નિમાયા છે.

નર્મદા જળસંપત્તિ પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૧૭ ૧૮ દરમિયાન જીપીએસસી દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં થયેલા ઉમેદવારો ની એક વર્ષીય ખાતાકીય તાલીમ પૂર્ણ થતા હાલ રાજયના વિવિધ જિલ્લાઓ માં તેમની નિમણૂક કરવામાં આવી છે. જેમાં કુલ ૧૨૧ નાયબ કાર્યપાલક ઈજનેર નિમાયા છે. ૧૨૧ માંથી ૬ અધિકારીઓની નિમણૂક ગાંધીનગર રાજય કક્ષા કચેરી મધ્યસ્થ આલેખન તંત્ર ખાતે કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ જિલ્લામાં આવેલ સરદાર સરોવર નિગમ, કલ્પસર પ્રભાગ, મહી સિંચાઈ વર્તુળ, રાજકોટ સિંચાઈ વર્તુળ, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ ,જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા આણંદ, પાનમ યોજના વર્તુળ,

૧ કીર્તિકુમાર રમેશચંદ્ર પટેલ
૨ આકાશ મહેશભાઈ પોપટ
૩ આશિષકુમાર રાકેશકુમાર વિજય
૪ મોસીન ખાન મુનાવર ખાન પઠાણ
૫ જીનલ સંજીવ શાહ
૬ પાર્થ કિરણકુમાર પટેલ

વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, સુજલામ સુફલામ વર્તુળ નંબર ૧ અને નંબર ૨, વડોદરા સિંચાઈ વર્તુળ, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, કચ્છ સિંચાઈ વર્તુળ, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ આમ આ દરેક ખાતામાં અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

કોરોનાવાયરસ સંક્રમણને ને ધ્યાન માં લઈ ને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમો ને ધ્યાન માં લેતા નિમાયેલા તમામ ઉમેદવારોએ નિમણૂક થઈ હોય તે સ્થળ પર હાજર થવાનું રહેશે .સંજોગો વસાત જો તેઓ હાજર થઈ શકે તેમ ન હોય તો એટલો સમય તેઓ મધ્યસ્થ આલેખન તંત્ર ગાંધીનગર હસ્તક હાજર થઈ શકશે અને જ્યારે નિમણૂક કરાયેલા સ્થળ પર હાજર થઈ શકે એમ હોય ત્યારે તુરંત જે -તે સ્થળે હાજર થવાનું રહેશે તેમ નાયબ સચિવ દ્વારા જણાવાયું છે .

રાજ્યકક્ષા કચેરી મધ્યસ્થ આલેખન તંત્ર,ગાંધીનગર ખાતે નિમણૂક થયેલ અધિકારીઓ: આ ઉપરાંત ગાંધીનગર ખાતે સુજલામ સુફલામવર્તુળ, ગાંધીનગર પંચાયત સરદાર સરોવર નિગમ અને કલ્પસર વિભાગ ખાતે પણ અન્ય અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

## સાહિત્યકાર કુન્દનિકા કાપડિયાને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ

ગાંધીનગર,તા. ૧

કુન્દનિકા કાપડિયાનું ગઈ કાલે અવસાન થયુંછે. કુન્દનિકાનો જન્મ સૌરાષ્ટ્રના લીમડી ગામે ઈ. ૧૯૨૭ના જાન્યુઆરી માસની ૧૧મી તારીખે થયો છે. પિતાનું; નામ નરોત્તમદાસ. કુન્દનિકાનું ઉપનામ ‘સ્નેહધન‘ છે. મકરંદ દવે સાથે લગ્ન કરી હાલ વલસાડથી ધરમપુર જવાના રસ્તે ‘નંદિગ્રામ આશ્રમ‘ સ્થાપી બંને પતિ- પત્ની આદિવાસી સમાજની સેવા કરી રહ્યાં છે. તેમણે પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ પંચમહાલ જિલ્લાના ગોધરા ગામે લીધું. ઈ. ૧૯૪૮માં ભાવનગરમાંથી બી. એ. થયાં. તેમના વિષયો હતા રાજકારણ અને ઈતિહાસ. શાળાજીવન



દરમિયાન તેમને સાહિત્ય પ્રત્યે અનુરાગ હતો. પરિણામતઃ ઉચ્ચ શિક્ષણ લીધા બાદ તેઓ ‘યાત્રિક‘ અને ‘નવનીત‘ નામનાં સામયિકોનાં સંપાદક બન્યાં. સંપાદક તરીકે તેમણે સમજપૂર્વક કામગીરી બજાવી હતી. કુંદનિકાબહેનને જીવન પ્રત્યે ભરપૂર રસ છે. આથી જીવનને સ્પર્શ કરતો પ્રત્યેક સાહિત્યપ્રકાર તેમનો પ્રિય પ્રકાર છે. તેમનું રસક્ષેત્ર પણ વૈવિધ્યપૂર્ણ છે. તેમના વિશાળ દૃષ્ટિકોણ પર એક તરફ શેક્સપિયર કે ઈબ્સન જેવા વિદેશી નાટ્યકારોનો પ્રભાવ દેખાય છે તો બીજી તરફ બંગાળી સાહિત્યસ્વામીઓનો રવીન્દ્રનાથ તથા શરદચંદ્રની અસર પણ તેમણે ઝીલી છે. ધૂમકેતુ જેવા ગુજરાતી લેખકોએ પણ કુન્દનિકાબહેનની રસરુચિને ચોક્કસ આકાર આપ્યો છે. તેમણે લખેલા વાર્તાસંગ્રહોમાં ‘પ્રેમના આંસુ‘, ‘વધુ ને વધુ સુંદર‘, ‘કાગળની હોડી‘ અને ‘જવા દઈશું તમને‘ નો સમાવેશ થાય છે. તેમના વાર્તાસંગ્રહોમાં માનવસંવેદન કોઈ ને કોઈ સ્વરૂપે છતાં આસ્વાદ્ય રીતે પ્રગટ થતું જોવા મળે છે. તેમનાં પાત્રો લાગણીશીલ હોય છે. અતઃ તેમનું સર્જન ચિંતન, પ્રેમ, સંગીત, પ્રકૃતિ જેવાં તત્વોથી સભર રહ્યું છે. પ્રકીર્ણ લેખો અને પ્રાર્થના-સંકલનના તેમના સંગ્રહો ‘દ્વાર અને દીવાલ‘ તેમજ ‘પરમ સમીપે‘ ખૂબ જ લોકપ્રિય નીવડ્યા છે. ઈ. ૧૯૮૫માં તેમને સાહિત્ય અકાદમી, દિલ્હીના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર સાહિત્યસભા અધ્યક્ષ સંજય થોરાત દ્વારા ગાંધીનગર સાહિત્યસભા વતી એમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. સદેહે આ સાહિત્યકારની ખોટ વર્તાશે પણ શબ્દ સ્વરૂપે તેઓ સદાય જીવંત રહેશે.

# જીવન જ્યોત જગાવો પ્રભુ હે... જીવન જ્યોત જગાવો...

### અંધારે અજવાળું

### ઊર્મિલા ઝણકાટ

અંધારે અજવાળું

જીવન જ્યોત જગાવો પ્રભુ હે... જીવન જ્યોત જગાવો..

વણદિવે અંધારે જોવા, આંખે તેજ ભરાવો..

વણ જહાજે દરિયાને તરવા, બળ બાહુમાં આપો..

અમને ઝળહળતાં શીખવાડો.. અમને ઝળહળતાં શીખવાડો..

સુન્દરમની આ ઉક્તિઓને સાર્થક કરનાર અને કોરોના નામના સંકટમાં આજે સમગ્ર જગત ઘેરાયેલ છે ત્યારે અંધકારના આ સમયમાં પણ અજવાળું જોઈ શકાય એવા એક સેવાદીપની આજે વાત કરવી છે.. જે નામ સેવા જગતમાં વર્ષોથી સુપરિચિત છે.. જેમના સેવાકાર્ય રોજ અખબારોના માધ્યમથી લોકોના હૃદય સુધી પહોંચતા રહ્યા છે.. અને નિરાશાના આ કપરા કાળમાં પણ જીવનઊર્જા આપી રહ્યા છે... એ ‘‘સેવાદીપ’’ એટલે બીજું કોઈ નહીં પણ ગજાનન સેવા સમિતિના પ્રમુખ શ્રી મિલિન્દ ભાઈ ગુપ્તે..

૬૦ વર્ષની ઉંમર જેઓ સેવા કાર્યો કરતા કરતા સહજ પાર કરી ગયા છે અને આજે પણ જેઓ યુવાનો જેવા ખંત અને ઉત્સાહથી આયોજનબદ્ધ અને શ્રેષ્ઠ રીતે સેવાકાર્યો કરી રહ્યા છે એમને માનવ જગતે સલામ કરવી જ રહી.. એમના સેવાકાર્યોની વાત કરવા બેસીએ તો એમની ૧૮ વર્ષની ઉંમરથી લઈ ૬૨ વર્ષની ઉંમર સુધી જીવાયેલી સેવાકીય વણઝારમાંથી પસાર થવું પડે.. એ વણઝાર “You tube” માં જોવા મળી શકશે - એમના જીવન પર બનાવેલી Short Moviee ‘આવો જીવન અજવાળીએ’ (https://youtu.be/6kNVaCefGKQ) ના માધ્યમથી.. પણ આજે તો વાત કરવી છે કોરોનાના કહેર વચ્ચે પણ જેમના સેવારથના પૈડા સ્નેહરૂપી મહેર વરસાવી રહ્યા છે એની..અને એ વાતનું પ્રસ્થાન ત્યાંથી કરીશ જ્યારે કોરોના નામની કાળોત્રી હજુ પૂર્ણપણે ભારતમાં પ્રવેશી નહોતી..









ગુજરાતના ૧૮ જિલ્લાના ૪૭ તાલુકાના ૧૦૦૦ થી પણ વધુ ગામોમાં જેમના સેવાકાર્યોનું અજવાળું પથરાઈ ચૂક્યું છે અને હજુ પણ અવિરત પણે પથરાઈ રહ્યું છે.. દર વર્ષે ૪૮૦૦ લાભાર્થીઓને અનાજ વિતરણ અને ૨૫૦૦૦ બાળકોને આવરી લઈ આરોગ્ય અને શિક્ષણ સંબંધી સેવાઓ આપવામાં આવે છે એવા મિલિન્દ ભાઈને હવે માત્ર ગુજરાત પૂરતું સીમિત ન રહી ભારતના અન્ય રાજયો જયાં એમના સેવાકાર્યોની જરૂરિયાત છે ત્યાં પહોંચી જવાની હૃદયમાં ઝંકૃતિ થઈ.. અને કહેવાય છે ને કે ‘સદભાવને સન્માર્ગ મળી જાય છે...’ એમ ત્રિપુરાની એક સંસ્થા ‘સાધક રત્નમણિ સેવાસદન’ દ્વારા મિલિન્દભાઈને ત્યાંના વિસ્તારના લોકોને એમની સેવાનો લાભ આપવા આવવાનો પ્રસ્તાવ મળ્યો... ત્રિપુરા જિલ્લાના સબ ડિવિઝન કંચનપુર અને ધરમનગર મુકામે રહી ત્યાંના વનવાસી વિસ્તારના લોકોને આરોગ્ય સેવા પુરી પાડવા અને અન્ય જીવન જરૂરી વસ્તુઓ પહોંચાડવાના ઉદ્દેશ સાથે મિલિન્દ ભાઈનો તારીખ ૧૨ માર્ચ ૨૦૨૦ નો ત્રિપુરા પ્રવાસ ગોઠવાયો.. આ સેવા કેમ્પમાં આવનાર સેવાભાવી વડીલ ડોકટરશ્રીઓ ડૉ. ક્રિષ્નાનંદ ચિતણિયા? (M.S., F.R.C.S., Specialist in Piles) અને ડૉ. પ્રવીણભાઈ બોઘાણી (B.A.M.S.) ને બાય એર ત્રિપુરા રવાના કરાયા.. અને મિલિન્દભાઈ એ કાર્યકર્તા ગામીત ભાઈ તથા ડ્રાઈવર યોગેશભાઈ સાથે TATA BOLERO એમ્બ્યુલન્સનો સેવારથ લઈને તારીખ ૧૨ માર્ચ ૨૦૨૦ના રોજ ગાંધીનગરથી પ્રસ્થાન કર્યું.. જે સેવારથ દવાઓ, કપડા, નોટબુક્સ, વાર્તાની ચોપડીઓ, રમત ગમતના સાધનો, અન્ય શૈક્ષણિક વસ્તુઓ, ભગવાનના ફોટા, હિન્દી અંગ્રેજી પુસ્તકો તથા નાસ્તાના થેલાઓથી ખીચોખીચ ભરેલ હતો.. સાવ નવા વિસ્તારમાં.. સાવ નવા રસ્તે.. બહુ જ લાંબી મુસાફરી કરવાની હતી.. Google Mapનો સહારો લઈ રોજની આશરે ૮૦૦ કિલોમીટરની સફર ખેડી રસ્તામાં અનેક અડચણોનો સામનો કરતા રહી.. ક્યાંક ક્યાંક તો વળી અણધાર્યો વરસાદ આવવા છતાં પણ હિંમત હાર્યા વિના પોતાના સેવારથને લઈ આગળ વધતા રહ્યા.. અને ૩૨૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડી આ સેવાજી તારીખ ૧૫ માર્ચ ૨૦૨૦ ના રોજ મોડી રાત્રે ત્રિપુરા રાજયના પોતાના મુકામે પહોંચ્યા.. આટલી લાંબી સફરની સફળતા માટે મિલિન્દભાઈ એટલું જ કહે છે કે ‘ એક અદ્રશ્ય દિવ્ય શક્તિ અમારી સાથે હતી.. જેનો હું સાક્ષી છું.. હા એટલે કે ભગવાન સાથે હતા.. જેથી કોઈ જ તકલીફ પડ્યા વિના અમે સફળતાપૂર્વક અને સ્વસ્થતા સાથે સેવા મુકામે પહોંચી ગયા..’

ઈશ્વરના સાક્ષીભાવ સાથે આવું સેવાકીય જીવન જીવનાર મિલિન્દભાઈ એ ગુજરાતથી જોજનો દૂર ત્રિપુરાના પ્રાંગણમાં પણ પોતાનો સેવારથ ખડો કરી દીધો.. અને તારીખ ૧૬ માર્ચ ૨૦૨૦ ના રોજ પોતાનો સેવાયજ્ઞ આરંભી દીધો.. ત્રિપુરાના અંતરિયાળ વિસ્તાર દક્ષિણ પનીસાગર અને સેલમબરી કે જ્યાં હલામ જાતિના વનવાસી લોકો રહે છે તે વિસ્તારમાં સેવા કાર્યો શરૂ કર્યા.. વડીલોને નંબરના ચશ્માં અપાયા.. બાળકોને નાસ્તો, વિદ્યાર્થીઓને પેન - પેન્સિલ, નોટબુકસ, પુસ્તકો અપાયા.. અને આ સૌની ડોકટર્સ દ્વારા આરોગ્ય તપાસ કરી.. તેઓને એમની બીમારી અનુસાર જરૂરી સારવાર અને દવાઓ આપી.. માત્ર આટલેથી જ એમનું કર્તવ્ય પૂરું નહોતું થઈ જતું.. સેવાની સાથે બંધુજનો માટે હ્ર્દયમાં સ્નેહ સાગર જીવતા મિલિન્દભાઈએ ત્યાંના બાળકોને રમતો રમાડી..ખૂબ હસાવ્યા.. સ્વજનની જેમ પાસે બેસી બહુ બધી વાતો કરી.. દેશ ભક્તિના ઊર્જાસભર ગીતો ગવડાવી અને આત્મીયતાનું અજવાળું પાથર્યું.. આટલું દ્રશ્ય જ્યારે રૂબરૂ જોઈએ ત્યારે સહજપણે આંખો ભાવનાસભર બની છલકાય જાય અને હૃદય રોમાંચિત થઈ જાય.. કે જોજનો દૂર રહેતો એક માનવજીવ પોતાના દેશબંધુઓ સુધી પોતાનો સ્નેહ અને સેવા વરસાવવા આટલે દૂર આવે છે.. અને એમના હૃદયને અજવાળે છે..

આ સ્નેહસભર યાત્રા ત્રિપુરાની ધરા પર ૪ દિવસ સુધી અવિરત ચાલતી રહી.. અને હજુ ૨૦ દિવસ વધુ ચાલવાની હતી.. પરંતુ કોરોનાના સંકટના લીધે ત્રિપુરા રાજ્યમાં કર્ફ્યુ લાગ્યો અને મિલિન્દ ભાઈએ તેમનો સેવારથ થંભાવવો પડ્યો.. તા. ૨૧/૩/૨૦૨૦ ના રોજ ગુજરાત પરત આવ્યા.. ૨૫ દિવસ સુધી ત્યાં રોકવાની તૈયારી સાથે ગયેલા મિલિંદભાઈ એ આ ૪ દિવસમાં ત્યાંના લોકોને પોતાનાથી શક્ય બન્યો તેટલો પૂર્ણ સેવા ભાવ અર્પણ કર્યો અને સેવાપ્રસાદ રૂપે જેટલી પણ ચીજ વસ્તુઓ, દવાઓ, સામાન લઈ ગયા હતા તે બધું જ ત્યાં આપી દઈ ગાંધીનગર પરત ફર્યા..

પણ સેવાની ભેખ લઈને નીકળેલો ફકીર કોરોના આ કપરા કાળમાં ઘરે આવીને શાંતિથી શ્વાસ લઈ શકે એવું કંઈ રીતે બને.. !! ૬૨ વર્ષની ઉંમરે પણ મહામારીની આ દહેશતમાં પોતાના સ્વાસ્થ્યની કે સલામતીની પરવા કર્યા વિના આજે પણ એ વિસ્તારોમાં સેવા આપવા નીકળી જાય છે જ્યાં તેઓ ગજાનન સેવા સમિતિના બેનર હેઠળ અનેક વર્ષોથી ખોરાક, કપડા, શિક્ષણ, આજીવિકાના સાધનો અને આરોગ્યલક્ષી સેવાઓ આપી રહ્યા છે.. એટલે કે લૉકડાઉનના આ સમયમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના જાભ ચિતરિયા, અણસોલ, શોભાયાડા, સુનોખ, ગડાધર, દેવકરણના મુવાડા અને ખારી ગામના લોકોને ચોખા, તેલ, મગ, ગોળ, બિસ્કીટ, કરિયાણાની અન્ય ખાદ્ય વસ્તુઓ, સાબુ જેવી રોજિંદી ચીજ વસ્તુઓ, પેરાસીટામોલ જેવી પ્રાથમિક સારવારની દવાઓનો સેવા પ્રસાદ પહોંચાડ્યો છે.. અને આ સેવાકીય વણઝાર હજુ પણ અવિરતપણે ચાલુ જ છે.. કોરોનાના આ ભયજનક માહોલમાં મિલિન્દભાઈ તેમના કાર્યકર્તાઓ યોગેશ ભાઈ અને મોન્ટુ ભાઈ સાથે પોતાનો સેવારથ લઈ આ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા ભાઈ બહેનો પાસે પહોંચી જાય છે.. સરકારની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરી, કરાવી અને એમના આ સેવાશિષથી બંધુજનોના જીવનને આશાઓ અને ઊર્જારૂપી પ્રસાદ આપતા રહે છે..

સમગ્ર સંસારને જ્યારે કોરોના નામનો કાળ ડરાવી રહ્યો છે ત્યારે એ ભયજનક વાતાવરણમાં પણ પોતાના જીવનને દાવ પર લગાવી સેવા આપી રહેલા ડોક્ટર્સ, પોલીસ, સૈન્ય જવાનો, ફરજ પરના અધિકારીઓ, કર્મચારીઓ, સફાઈ કર્મીઓને આપણે કોટી કોટી વંદન કરવા જ રહ્યા.. પણ સાથે સાથે કોઈએ.

## જન્મદિને વધામણી



રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩



સાગર દેસાઈ
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦



તાહિર પરમાર
ગાંધીનગર યુથ કોંગ્રેસ મહામંત્રી
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯



માધવી દિલીપ ગણાત્રા
મો. ૯૪૨૮૬ ૯૬૫૬૩



રૂદ્ર રવી પટેલ



શાહ ડિંકલ વિનોદકુમાર



પાર્થ નીતિનકુમાર પોપટ



હસમુખભાઈ કાકડીયા
સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ



પરમાર કિરીટકુમાર જીવણલાલ
રેડક્રોસ